આજની પ્રાર્થના....
માનવતાની ધર્મભાવના, હૈયે સૌ માનવ લાવે, વેર-ઝેરના પાપ તજીને, મંગળ ગીતો એ ગાવે

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૨૮ | ૧૮ જુલાઈ, ૨૦૨૧, રવિવાર; અષાઢ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# પવાર-મોદીની મુલાકાતથી રાજકીય ખળભળાટ

## ચોમાસુ સત્ર પૂર્વે દિલ્હીમાં રાજકીય ગતિવિધિઓ તેજ : વડાપ્રધાન મોદી અને એનસીપી ચીફ શરદ પવારની મુલાકાતથી રાજકારણના નિષ્ણાતોમાં ચર્ચા



નવી દિલ્હી, તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ શરદ પવારની શનિવારના રોજ દિલ્હીમાં મુલાકાત થઈ. બન્ને નેતાઓ વચ્ચે લગભગ એક કલાક સુધી વાતચીત ચાલી. ચોમાસું સત્ર પહેલા શરદ પવાર સાથે થયેલી આ મુલાકાતને લઈને ઘણી અટકળો લગાવવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે સોમવારથી ચોમાસુ સત્રની શરુઆત થવાની છે. આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી તરફથી એક સર્વદળીય બેઠક બોલાવવામાં આવી છે.

વિપક્ષ તરફથી સરકારને સંસદમાં ઘેરવાની રણનીતિ તૈયાર કરવામાં આવી રહી છે. આવતીકાલે કોંગ્રેસના લોકસભા સાંસદોની પણ બેઠક બોલાવવામાં આવી છે. કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી બેઠકને સંબોધિત કરશે. મોનસૂન સેશન પહેલા અનેક મુદ્દાઓ પર સરકારને ઘેરવાની રણનીતિ કોંગ્રેસ તરફથી તૈયાર કરવામાં આવી રહી છે. સંસદમાં કેન્દ્ર સરકારને ઘેરવા માટે કોંગ્રેસ વિપક્ષી દળો સાથે પણ સંપર્ક સાધી રહી છે. મહારાષ્ટ્રમાં અત્યારે ગઠબંધનની સરકાર છે, તે દરમિયાન વડાપ્રધાન અને

● અનુસંધાન પાન-૭ પર

# ઓલિમ્પિક વિલેજમાં કોરોનાની એન્ટ્રી : વિદેશી મહેમાન પોઝિટીવ

## ૧૩ જુલાઈના રોજ ખેલ ગામ ખોલવામાં આવ્યું હતું : ઓલમ્પિક માટે આશરે ૧૧,૦૦૦ અને પેરાલમ્પિક માટે લગભગ ૪,૪૦૦ એથલીટ્સ આવશે તેવી આશા

ટોક્યો, તા.૧૭

ટોક્યો ઓલમ્પિકમાં કોરોનાએ એન્ટ્રી કરી છે. ખેલ ગામ ખાતે કોરોનાનો પહેલો કેસ સામે આવ્યો છે. ટોક્યો ઓલમ્પિકના આયોજકોએ કોરોનાથી સંક્રમિત અધિકારીને ૧૪ દિવસ માટે ક્વોરેન્ટાઈન કરી દીધો છે.



ટોક્યો ૨૦૨૦ના સીઈઓ તોશીરો મુટોએ આયોજનમાં સામેલ વિદેશથી આવેલા એક મહેમાનનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હોવાની પૃષ્ટિ કરી હતી. આગામી ૨૩ જુલાઈથી ટોક્યો ઓલમ્પિકની શરૂઆત થવાની છે. રમત શરૂ થવાના થોડા દિવસ પહેલા જ કોરોનાનો કેસ સામે આવવાથી આયોજકો ચિંતામાં મુકાયા છે. ઉલ્લેખનીય છે કે, ૧૩ જુલાઈના રોજ ખેલ ગામ ખોલવામાં આવ્યું હતું. અહીં દરરોજ ખેલાડીઓનો કોરોના રિપોર્ટ કરવામાં આવશે. ઓલમ્પિક માટે આશરે ૧૧,૦૦૦ અને ૨૪ ઓગષ્ટથી શરૂ થનારા પેરાલમ્પિક માટે લગભગ ૪,૪૦૦ એથલીટ્સ આવશે તેવી આશા છે.

આંતરરાષ્ટ્રીય ઓલમ્પિક સમિતિના કહેવા પ્રમાણે ગામમાં આવનારા આશરે ૮૦ ટકાથી વધારે લોકોને વેક્સિનના બંને ડોઝ લાગી ચુક્યા છે. થોડા દિવસો પહેલા કોરોનાના કેસ વધી રહ્યા હોવાથી જાપાનની રાજધાની ટોક્યોમાં ઈમરજન્સી લાગુ કરવામાં આવી હતી. આ ઈમરજન્સી ૨૨ ઓગષ્ટ સુધી લાગુ રહેશે. તે સિવાય કોવિડ-૧૯ મહામારીના કારણે ટોક્યો ઓલમ્પિક દર્શકો વગર જ યોજાશે. આ તરફ ભારતીય નિશાનેબાજી દળ પણ ટોક્યો પહોંચી ગયું છે. તેઓ શનિવારે સવારે ૫:૦૦ કલાકે ટોક્યો પહોંચ્યા હતા. ટીમના આગમન બાદ કરવામાં આવેલા કોવિડ-૧૯ રિપોર્ટના પરિણામોની રાહ જોવાઈ રહી છે.

# બ્રિટનમાં કોરોનાનો કહેર વધ્યો

## કોરોનાના કેસ ફરી વધતા વધુ એક લોકડાઉનના ભણકારા : જાન્યુઆરી પછી દૈનિક કેસ ૫૦ હજારને પાર

લંડન,તા.૧૭

બ્રિટનમાં કોરોના વાયરસના કેસોમાં અસાધારણ ઉછાળો આવતા વધુ એક વખત ખતરો ઉભો થયો છે. બ્રિટનમાં જાન્યુઆરી પછી સૌપ્રથમ વખત એક દિવસમાં કોરોનાના પોઝિટિવ કેસ ૫૦ હજારથી વધુ મળી આવ્યા છે. આ ઉપરાંત કોરોનાને લીધે ૨૪ કલાકમાં ૪૯ લોકોના મોત થયા છે. બ્રિટનમાં જે રીતે ફરીથી કોરોના બ્લાસ્ટ થયો છે તેને લઈને વધુ એક લોકડાઉનના ભણકારા વાગી રહ્યા છે.

આરોગ્ય વિભાગના મતે દેશમાં એક દિવસમાં ૫૧,૮૭૦ નવા કેરોનાના કેસ મળ્યા છે. એક સપ્તાહમાં પોઝિટિવ કેસોની સંખ્યામાં ૪૫ ટકાનો ઉછાળો નોંધાયો છે. હોસ્પિટલોમાં પણ બેડ ફરીથી ભરાવા લાગ્યા છે. કોરોનાના કેસોમાં એકાએક આવેલા ઉછાળાથી હવે હોસ્પિટલમાં દાખલ થતા નવા દર્દીઓ તેમજ મૃતકોના આંકમાં વૃદ્ધિ જોવા મળે છે. નિષ્ણાતોએ યુકેમાં વધી રહેલા કેસો પાછળ કોરોના પ્રતિબંધોમાં અપાયેલી છૂટછાટ તેમજ યુરો ૨૦૨૦ને જવાબદાર ગણાવ્યા છે.

અગાઉ ૧૫ જાન્યુઆરીના સૌથી વધુ ૫૫,૭૬૧ કેસ નોંધાયા હતા. બ્રિટનના આરોગ્ય મંત્રી સાજિદ જાવિદના મતે બ્રિટનમાં ૬૭ ટકા વયસ્ક લોકોને કોવિડ ૧૯ની વેક્સિનના બન્ને ડોઝ અપાયા છે. અમે અમારા લક્ષ્યન એક સપ્તાહમાં પૂર્ણ કરી લીધું છે. આ એક મોટી ઉપલબ્ધિ છે. રસી લેવા માટે આગળ આવેલા તમામ લોકોનો આભાર. પ્રવર્તમાન સમયમાં રસી જ કોરોના સામે કવચ પુરું પાડે છે.

કોરોનાના ડેલ્ટા વેરિયન્ટનો પણ પ્રકોપ વધી રહ્યો હોવાનું કેટલાક આરોગ્ય નિષ્ણાતો માની રહ્યા છે. પબ્લિક હેલ્થ ઈંગ્લેન્ડે જણાવ્યું કે કોરોનાના કેસો વધુ છે અને કેસમાં સતત ઉછાળો આવી રહ્યો છે પરંતુ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર નથી પડી રહી.

## યુપીના પૂર્વ ધારાસભ્યના ઘરમાંથી ૫૦ લાખની ચોરી

બરેલી, તા.૧૭

સમાજવાદી પાર્ટીના પૂર્વ ધારાસભ્યના ઉત્તરપ્રદેશના સંભલ સ્થિત ઘરમાં ચોર ઘુસી આવ્યા હતા અને ૫૦ લાખ રુપિયાની ચોરી કરી હતી. ચોરીની ઘટના બની તે સમયે પૂર્વ ધારાસભ્યનો પરિવાર એક રિસોર્ટમાં દીકરીના લગ્નપ્રસંગમાં વ્યસ્ત હતો. ગુન્નૌરના પૂર્વ ધારાસભ્ય રામખિલાડી યાદવે પોલીસને જણાવ્યું કે, તાળા તૂટેલા હતા અને ત્રીજા માળના રુમમાં એક કબાટમાં મુકવામાં આવેલા પચાસ લાખ રુપિયા ગાયબ છે.

## હિમાચલ પ્રદેશના કિન્નોરમાં ૩.૧ની તીવ્રતાના ભૂકંપના આંચકા

કિન્નોર,તા.૧૭

હિમાચલ પ્રદેશના આદિવાસી જિલ્લા કિન્નોરમાં શુક્રવારે રાતે ૩.૧ તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો છે. હવામાન વિજ્ઞાન વિભાગે જણાવ્યું કે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર નથી. વિભાગે જણાવ્યું કે ભૂકંપનું કેન્દ્ર કિન્નોર જિલ્લામાં જમીનથી ૧૦ કિલોમીટરની ઉંડાઈ પર સ્થિત હતુ. રાતના ૧૧ વાગીને ૩૨ મિનિટ પર ભૂકંપના ઝટકા કિન્નોરની આસપાસના જિલ્લામાં અનુભવાયા છે. આ પહેલા હિમાચલના શિમલામાં ગુરુવારે સાંજે ૩.૬ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો છે. હવામાન વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે ભૂકંપનું કેન્દ્ર શિમલા જિલ્લામાં ધરતીની નીચે ૧૦ કિલોમિટરની ઉંડાઈ પર સ્થિત હતુ.

# પશ્ચિમ બંગાળના વિપક્ષના નેતા સુવેન્દુને ત્યાં સીઆઈડીની તપાસ

## ત્રણ દિવસમાં બીજી વખત સીઆઈડી તપાસ માટે પહોંચી

કોલકાતા, તા.૧૭

પશ્ચિમ બંગાળમાં ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય અને વિરોધ પક્ષના નેતા સુવેન્દુ અધિકારીના ઘરે પશ્ચિમ બંગાળ પોલીસની સીઆઈડી ટીમ પહોંચી છે. ત્રણ વર્ષ પહેલા શુવેન્દુ અધિકારીના પ્રાઈવેટ ગાર્ડના મોત અંગેની તપાસ માટે સીઆઈડી ટીમ ૩ દિવસમાં બીજી વખત પહોંચી છે.

ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ બંગાળની ચૂંટણી બાદ ભાજપના વિરોધ પક્ષના નેતા બનેલા શુવેન્દુ અધિકારી સામેના કેસની તપાસ સીઆઈડીને સોંપવામાં આવી છે.મામલો એવો છે કે, ૨૦૧૮માં શુવેન્દુ અધિકારીના સુરક્ષાકર્મી શુભવ્રત ચક્રવર્તીએ પોલીસ બેરેકમાં પોતે જ ગોળી મારીને આત્મહત્યા કરી હતી.જેના સંદર્ભમાં તેમની પત્નીએ પોલીસમાં એક ફરિયાદ કરીને પતિના મૃત્યુના મામલાની તપાસ કરવા માટે માગ કરી હતી.

આ ઘટના બની ત્યારે શુવેન્દુ અધિકારી તૃણમુલ કોંગ્રેસના સાંસદ હતા.તેઓ ૨૦૧૫માં પ્રદેશ સરકારમાં મંત્રી બન્યા ત્યારે પણ આ પોલીસ જવાન તેમની સુરક્ષામાં હતા. આ જવાનની આત્મહત્યાના કેસમાં સીઆઈડી દ્વારા શુવેન્દુ અધિકારીની પૂછપરછ કરવામાં આવી રહી છે.

# સબરીમાલા મંદિર પાંચ દિવસ માટે ખુલ્લું મુકાયું

## કોરોનાની બીજી લહેર બાદ મંદિર પ્રથમ વખત ખુલ્યું : મંદિરમાં દર્શન કરવા ઈચ્છુકે કોરોના વેક્સિનના બંને ડોઝનું સર્ટિફિકેટ અથવા કોરોનાનો નેગેટિવ રિપોર્ટ જરૂરી

થિરુવનંતપુરમ, તા.૧૭


કેરળનું પ્રસિદ્ધ સબરીમાલા મંદિર શનિવાર એટલે કે ૧૭મી જુલાઈથી ૫ દિવસ માટે ખોલી દેવાયું છે. મંદિરને માસિક પૂજા માટે ખોલવામાં આવ્યું છે. જોકે આ દરમિયાન દરરોજ ૫,૦૦૦ શ્રદ્ધાળુઓ દર્શન કરી શકશે. પરંતુ આ માટે તેમણે ઓનલાઈન બુકિંગ કરવું પડશે. આ મંદિર ૨૧ જુલાઈ સુધી ખુલ્લુ રહેશે. કોરોનાની બીજી લહેર બાદ સબરીમાલા મંદિર પહેલી વખત ખુલ્યું છે.



ખાસ વાત એ છે કે, જે લોકો મંદિરમાં દર્શન કરવા ઈચ્છે છે તેમણે કોરોના વેક્સિનના બંને ડોઝનું સર્ટિફિકેટ આપવું પડશે અથવા ૪૮ કલાક પહેલા સુધીનો કોરોના આરટીપીસીઆર નેગેટિવ રિપોર્ટ પણ આપવો પડશે.

કોરોનાની બીજી લહેર ભલે અટકી ગઈ હોય પરંતુ શ્રદ્ધાળુઓએ મંદિર પરિસરમાં ગાઈડલાઈન્સનું પાલન કરવું પડશે. મહામારીને ધ્યાનમાં રાખીને શ્રદ્ધાળુઓએ મંદિરમાં દર્શન કરવા માટે આકરા નિયમોનું પાલન કરવું પડશે.

પરિવર્તનને અપનાવો. નેતૃત્વ કરતાં શીખો.
એડમિશન માટે આજે જ સંપર્ક કરો :
SIHM
સ્ટેટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ
સિધ્ધપુર, ગુજરાત
(AICTE Approved & GTU Affiliated)
એવી શ્રેષ્ઠતા પ્રાપ્ત કરો કે ટોચની હોટલ ચેઈન્સ આપને પસંદ કરે
બેચલર ઓફ હોટલ મેનેજમેન્ટ એન્ડ કેટરિંગ ટેકનોલોજી
પાત્રતા: ૧૨ પાસ (કોઈપણ પ્રવાહ) | કોર્સ અવધિ: ૪ વર્ષ



ભારતભરની ટોચની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સમાં ૧૦૦% પ્લેસમેન્ટ સહાય
સુવિધાઓ
અત્યાધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર | નિષ્ણાત ફેકલ્ટી | યોગ્ય અધ્યાપન | રિસર્ચ લેબ | સ્પર્ધાઓ | કારકીર્દિ માર્ગદર્શન
સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | પ્લેસમેન્ટ સેલ | હોસ્ટેલ સુવિધાઓ | SIHM ક્લબ | મેન્ટરશિપ | ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ



Gujarat Tourism
એડમિશન માટે સંપર્ક કરો: 9825784099 9825768099
સ્ટેટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ
ડેન્ટલ કોલેજની નજીક, દેથલી રોડ, ગામ: ખોલવાડા, તા: સિધ્ધપુર, જીલ્લો: પાટણ, ગુજરાત. ફોન: ૦૨૭૬૭-૨૨૧૫૨૫, ૨૨૪૫૨૫
ઈમેઈલ: info@sihm.ac.in | વેબસાઈટ: www.sihm.ac.in | www.gujarattourisom.com
એડમિશન માટે આજે સંપર્ક કરો :

મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ | ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

જોઈએ છે
સીવીલ એન્જિનિયર
ફ્લેટ તથા કોમર્શીયલ સાઈટના ૫ થી ૭ વર્ષના અનુભવી સીવીલ એન્જિનિયર જોઈએ છે.
મો. ૯૮૨૫૦૨૨૧૭૩, ૮૯૮૦૮૯૯૦૯૩

દુકાન વેચવાની છે
૫૮૭ સ્કેવર ફીટ (સુપર બિલ્ટઅપ) સાથે
૩૫૨ - નેટ સ્કેવર ફીટ
બી-૧૧૦, શ્રીધર ઓરમ, શિવાલય પરિસરની પાછળ, કુડાસણ, ગાંધીનગર
મો. ૯૮૨૪૦ ૧૫૯૮૮
મો. ૮૧૫૫૦ ૭૧૭૧૦